# Rotary Pulse

SERVE TO CHANGE LIVES

R.I. Dist. 3060 | Club No. 15189 | Charter Date 17th July 1959




**R I President**
Shekhar Mehta



**Dist. Governer**
Santosh Pradhan



**President**
Ketan Parekh
+91 9824286186



**Club Secretary**
Kapil Kotecha
+91 9825230253



**Bulletin Editor**
Binduben Shah
+91 93287 27598


**Year 2021-22 | Bulletin No. 2 | Dt. 01-08-2021**


## Members celebrating / celebrated their Birthdays

| | | |
|---|---|---|
| Chintan Raithatha | 02 Aug | 9825766130 |
| Hasmukh Simaria | 22 Aug | 9427218296 |
| Sindhu Vyas | 22 Aug | 9825478747 |
| Jay Kotecha | 24 Aug | 9825230211 |
| Nimesh Shah | 31 Aug | 9824422396 |



**Wish you a very very happy birthday...**

## Members celebrating / celebrated their Marriage Anniversary

| | | |
|---|---|---|
| Yogesh & Bhavna Simaria | 04 Aug | 9879002002 |

**We wish you a very happy anniversary & a married life...**

# રોટરી ઈન્સ્ટોલેશન – વર્ષ ૨૦૨૧–૨૨

પોરબંદરમાં છેલ્લા ૬ દાયકાઓથી સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય અને સેવા ક્ષેત્રે અનોખુ કાર્ય કરતી પોરબંદરની રોટરી કલબ અને ઈનર વ્હીલ કલબના સંયુકત ઉપક્રમે વર્ષ ૨૦૨૧-૨૨ માટે બન્ને કલબના હોદ્દેદારોનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો.

લોર્ડસ હોટલ, પોરબંદર ખાતે તાજેતરમાં ડિસ્ટ્રીકટ ગવર્નર-૩૦૬૦ના રોટેરીયન શ્રી સંતોષ પ્રધાનના મુખ્ય મહેમાન પદે યોજાયેલ આ શપથ ગ્રહણ સમારોહમાં જામનગરના આસિસ્ટન્ટ ગર્વનર રોટેરીયન શ્રી જીનલભાઈ ખિમોસીયા તેમજ રોટરી કલબના પ્રમુખશ્રી કેતન પારેખ, સેક્રેટરીશ્રી કપિલ કોટેચા, ઈનર વ્હીલ કલબના પ્રમુખ શ્રીમતી કવિતાબેન પારેખ, સેક્રેટરી શ્રીમતી જયશ્રીબેન ધોળકીયા, રોટરી કલબના ઓનનરી મેમ્બર તરીકે ગુજરાત રાજયના પૂર્વ કેબીનેટ મંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા, ડૉ. વિરમભાઈ ગોઢાણીયા, શ્રી રિઝવાનભાઈ આડતીયા, ડૉ. ઈશ્વરભાઈ ભરડા ને આમંત્રિત કરવામાં આવેલ છે. ડૉ. વિરમભાઈ ગોઢાણીય તથા શ્રી રીઝવાન આડતીયા પ્રતિકૂળના લીધે ઉપસ્થિત રહી શકયા ન હતા છતાં નવા વર્ષના હોદ્દેદારોને શુભેચ્છા સંદેશો પાઠવ્યો હતો. ઈનર વ્હીલ કલબના ઓનરરી મેમ્બર તરીકે શહેરના જાણીતા અને માનીતા ડો. રાજવીબેન રાજશાખા આ પ્રસંગે ઉપસ્થિત રહેલ હતા.

પ્રારંભમાં ગત વર્ષના રોટરી કલબના પ્રમુખશ્રી અનિલરાજ સંઘવીએ વર્ષ : ૨૦૨૦-૨૦૨૧ની સામાજિક, આરોગ્ય સેવા ક્ષેત્રના ૬૦ જેટલા પ્રોજેકટ દ્વારા સેવા કાર્યોની વિડીયો-ડોકયુમેન્ટરી ના માધ્યમ દ્વારા સેવાગાથા પ્રસ્તુત કરીને સૌ મહાનુંભાવોને આવકાર્યા હતા.

રાજયના પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી અને પોરબંદરના ધારા સભ્યશ્રી બાબુભાઇ બોખીરીયાએ રોટરી કલબની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વાકયને દોહરાવતા જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિ પર વિશ્વાસ કરવાની ફરજ પડી છે. વિશ્વમાંથી મહામારીને નાબૂદ કરવો હશે તો આપણે સૌ સાથે મળીને ‘વસુધૈવ કુટુંબકમની’ ભાવના અપનાવવી પડશે અને સાથે મળીને કામ કરવા સિવાય કોઇ વિકલ્પ નથી. તેમણે ‘પહેલુ સુખ જાતે નર્યા’ ને પ્રાધાન્ય આપ્યું હતું.

આ પ્રસંગે અગાઉ પોરબંદર રહી ચૂકેલા જિલ્લા કલેકટરશ્રી અશોક શર્માએ પોરબંદરના જૂના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે હવે પેહલા કરતાં પોરબંદરનો વિકાસ નજરે પડે છે. પોરબંદર પંથકમાં શક્તિઓ ધરબાયેલી છે. રત્નાકર અને બરડા ડુંગરની વચ્ચેની સમૃદ્ધિ છે. આવી વિશેષતા કોઇ શહેરમાં નથી. ભગવાન શ્રી કૃષ્ણની બે પટરાણીઓ માધવપુરમાં રૂકમણી અને રાણાવવામાં જાંબુવતી જે નારી શક્તિઓને ઉજાગર કરે છે. ખમીર, શૌર્યવાન પ્રજા સૌ સાથે મળી શક્તિઓનો ઉપયોગ કરીને મહાત્મા ગાંધીજીની ભૂમિને વિશ્વના નકશામાં અંકિત કરીએ. તેમણે કોરાનાની મહામારી સામે લડવાનો એક માત્ર ઉપાય માસ્ક પહેરવું અને સામાજિક અંતર જાળવવું છે. અને વ્યક્તિની સલામતિ માટે દરેક નાગરિકે ‘હેલ્મેટ’ પહેરવા અનુરોધ કરીને રોટરી કલબે જન જાગૃત્તિના કાર્યક્રમો હાથ ધરવા શીખ આપી હતી.

આ પ્રસંગે ડિસ્ટ્રીકટ ગવર્નર રોટેરિયન સંતોષ પ્રધાને લક્ષ્ય કયારેય નાનું ન રાખવું, નહીં તો કોઇ મદદ ન કરે, દીલથી કાર્ય કરવા રોટરી કલબમાં સૌ સેવા કર્મીને જોડીને ‘ઝાઝા હાથ રળીયામણા’ તે કહેવતને સાર્થક કરીએ. દિવસ દરમ્યાન એવા સદ્કાર્યો કરીએ કે જેથી કરીને રાતની નિરાંતની ઊંઘ લઇ શકીએ. જીવન એવું જીવીએ કે મૃત્યુ સમયે કોઇ પશ્ચાતાપ થાય નહીં. જે સેવા કાર્યમાં દાન આપે છે તે હંમેશાં ત્રણ ગણું થઇને આપણી પાસે આવે છે.

આ પ્રસંગે રોટરી કલબના આસિસ્ટન્ટ ગવર્નર રોટરીયનશ્રી જીનલભાઇ ખિમોસીયાએ વિકલાંગ ભાઇ-બહેનોના કોણીથી હાથ ગુમાવ્યો હોય તો આધુનિક ટેક્નોલોજીથી તૈયાર થયેલ કૃત્રિમ હાથની વિસ્તૃત સમજ આપીને વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા સેવા કાર્યોની ઝાંખી કરાવી હતી.

આ તકે રોટરી કલબના નવનિયુકત થયેલા પ્રમુખશ્રી કેતન પારેખ, સેક્રેટરી કપીલ કોટેચાને તથા ઇનર વ્હીલ કલબના પ્રમુખ શ્રીમતી કવિતાબેન પારેખ, સેક્રેટરી શ્રીમતી જયશ્રીબેન ધોળકીયાને ડિસ્ટ્રીકટ ગવર્નરશ્રી સંતોષ પ્રધાને હોદ્દાના શપથ લેવડાવેલ હતા. તેની સાથે-સાથે રોટરી કલબ અને ઇન્નર વ્હીલ કલબના સદસ્યોને પણ શપથ વિધિમાં સામેલ કરાયા હતા.

રો. હર્ષિત રૂધાણીએ ડિ.જી. સંતોષ પ્રધાનનો પરિચય આપતાં તેમના કારોબારનો વિશેષ પરીચય આપીને જણાવ્યું કે રોટરી કલબમાં પોતાની વ્યસ્તતા વચ્ચે કઇ રીતે સેવા કાર્યો કરી શકાય છે તેનું ઉત્તમ ઉદાહરણ રો. સંતોષ પ્રધાન છે. ત્યાર બાદ નવ નિયુકત થયેલા રોટરીના પ્રમુખશ્રી કેતન પારેખે આગામી વર્ષના હાથ ધરાનાર સેવાકાર્યો અને વિવિધ પ્રોજેકટોની રૂપરેખા પ્રસ્તુત કરીને આ વર્ષે રોટરી કલબ ઓફ પોરબંદરનો ગોલ પોરબંદરમાં અનેકવિધ સેવા પ્રવૃત્તિ માટે એક રોટરી હોલ બનાવવાની નેમ વ્યકત કરી સૌને પૂર્વક સહયોગ આપવાનું આહ્વાન કર્યું હતું.

બાદમાં ઇનરવ્હિલ કલબના નવનિયુકત પ્રમુખ શ્રીમતી કવિતા પારેખે પ્રારંભમાં સૌનો આભાર માન્યા બાદ જણાવ્યું કે, સેવાકાર્ય કરવા માટે આ એક અમૂલ્ય તક મળી છે. અને કોઇ પણ સેવાકાર્ય શ્રદ્ધા અને વિશ્વાસથી કરીએ તો એ ઇશ્વર તરફ લઇ જાય છે. તેમનો થીમ ‘કત્ઃધન ધઃ?ભ્ધ કત્ઃધન્ભ્ર ધઃઝ’ ને સાર્થક કરવા પ્રયત્ન કરીશું.

રોટરી કલબના ગત વર્ષના પ્રમુખશ્રી અનિલરાજ સંઘવી, સેક્રેટરીશ્રી પ્રિતેશ લાખાણી એન ઇનર વ્હીલ કલબના પ્રમુખ શ્રીમતી ઇલાબેન ઠકકર અને સેક્રેટરી શ્રીમતી ચારૂબેન શાહે નવનિયુકત પ્રમુખ અને સેક્રેટરીને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ શપથ ગ્રહણ સમારોહમાં સારસ્વતશ્રી બિન્દુબેન શાહના વડપણ હેઠળ ‘રોટરી પલ્સ’ બુલેટીનનું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવેલ હતું અને બાદ આ બુલેટીનનું વિતરણ કરવામાં આવેલ હતું.

આ તકે ગત વર્ષના પ્રમુખશ્રી અનિલરાજ સંઘવીએ સામાજિક, આરોગ્ય અને અનેક વિધ સેવા કાર્યો હાથ ધરીને રોટરી કલબને ગૌરવ અપાવવા બદલ તેઓને તથા ઇનર વ્હીલ કલબના પ્રમુખ શ્રીમતી ઇલાબેન ઠકકરને ગૌરવ પુરસ્કાર એનાયત કરીને સન્માનિત કરાયા હતા.

આભાર દર્શન કરતા સેક્રેટરી કપિલ કોટેચાએ જણાવ્યું હતું કે પોરબંદર શહેરમાં યાત્રાળુ માટે એક ધર્મશાળાની આવશ્યકતા છે કોઇ પણ જમીન આપશે તો હું મારા માતા-પિતાની સ્મૃતિમાં રૂા. ૫૧,૦૦,૦૦૦/- આ ધર્મશાળાના બાંધકામમાં વાપરીશ તેવી નેમ વ્યકત કરતાં સૌએ વધાવી હતી.

આ કાર્યક્રમમાં બે રોટરીયનશ્રી અશોકભાઇ વાઘેલા તથા શ્રી જગદીશભાઇ મકવાણા ના નિધન નિમિતે અંજલિ અર્પણ કરાઇ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા ઉદ્‌ઘોષક એવા રો. રોહિત લાખાણી, રો. દિપેન બારાઇ અને ઇનર વ્હિલના શ્રી સુનયના ડોગરાએ સંભાળ્યું હતું.

આ સમારોહમાં સમાજ શ્રેષ્ઠીઓ શ્રી અનિલભાઇ કારીયા, શ્રી ભરતભાઇ રાજાણી, શ્રી દિલિપભાઇ ગાજરા, શ્રી હેમલ તન્ના, શ્રી નિલેશભાઇ મોરી, શ્રી પંકજભાઇ મજીઠીયા, શ્રી કિરિટભાઇ મોઢવાડિયા, ડૉ. રાજવી રાજશાખા, શ્રી સોનીભાઇ, શ્રી દિનેશભાઇ પરમાર, શ્રી મહેન્દ્રભાઇ સુરેલીયા, શ્રી શૈલેષભાઇ પરમાર સહિત પદાધિકાર-અધિકારીગણ શહેરના પ્રબુદ્ધ નાગરિકો, નગરના શ્રેષ્ઠીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓ સહિત રોટરી કલબ તથા ઇન્નર વ્હીલ કલબના સદસ્યો કોરાનાની ગાઇડ લાઇનનું પાલન કરીને હાજર રહ્યા હતા.

































# કલોઝડ ડોર મિટિંગ અને ચાર્ટર ડે સેલીબ્રેશન

તા. ૨૭-૦૭-૨૦૨૧ ના રોજ મળેલી કલોઝડ ડોર મિટિંગમાં પ્રેસીડન્ટ કેતનભાઇ પારેખે મીટીંગ કોલ-ટુ ઓર્ડર કરેલ. મિટિંગની શરૂઆત પૂર્વ પ્રમુખ અનીલરાજ સિંઘવીએ રોટરી પ્રાર્થના દ્વારા કરેલી અને રો. ફારૂકભાઇ બઘાડ દ્વારા ફોરવે ટેસ્ટનું વાંચન થયેલ.

પ્રમુખ કેતનભાઇ પારેખ સર્વે મેમ્બરોનું વેલકમ કરેલ અને ઇન્સ્ટોલેશન દરમિયાન ઉપસ્થિત સર્વે મેમ્બરોનો આભાર વ્યકત કરેલ. જે સભ્યોની મેમ્બર ફિ સમયસર આવી ગયેલ તે માટે પણ સર્વેનો આભાર માનેલો. ઘણા મિત્રોને અનેક રીમાઇન્ડર પછી પણ પોતાની ફિ ટાઇમસર ભરાતી નથી તે સંદર્ભે શું કરવું ? તે અંગે મીટીંગમાં ચર્ચા બાદ સર્વાનું મતે નિર્ણય કરેલ છે કે જે સભ્યની ફિ તારીખ : ૩૦-૦૭-૨૦૨૧ સુધી સભ્ય ફિ જમા ન કરાવે તો તેમનું નામ રદ કરવું.

આ મિટિંગ દરમિયાન રોટરી ચાર્ટર-ડે સેલીબ્રેશન કેક કાપીને કરવામાં આવેલ.

ડિસ્ટ્રીકટ ગર્વનર સાથે 'ગ્લોબલ ગ્રાન્ટ પ્રોગ્રામ' પ્રોજેકટ કરવા માટે આર.બી.આઇ. તથા ગર્વમેન્ટમાંથી અમુક રજીસ્ટ્રેશન અને જરૂરી સર્ટીફિકેટ મેળવવા રોટરી ચેરીટેબલ ટ્રસ્ટના રજીસ્ટ્રેશન પેપર અને અત્યાર સુધીના ઇન્કમટેક્ષ રીર્ટન/ટ્રસ્ટનો ફાળો વગેરે જેવા ઘણા દસ્તાવેજોની જરૂરીયાત ઉભી થતાં  રોટરી ચેરીટેબલના રો. ચતનીભાઇ શાહ સાથે મીટીંગ દરમ્યાન ચર્ચા કરી આગામી તારીખ : ૦૧-૦૮-૨૦૨૧ રોજ સાંજે ૦૪-૦૦ કલાકે રોટરી ચેરીટેબલ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીશ્રીઓ સાથે એક કલોઝડ ડોર મીટીંગ રાખેલ છે. જે બાબતે દરેક હાજર રહેલ સભ્યોએ સહમતી આપેલ.

'ગ્લોબલ ગ્રાન્ટ પ્રોગ્રામ' પ્રોજેકટ પર વિસ્તૃત માહિતી રો. હર્ષિત રૂઘાણીએ આપેલ. આ પ્રોજેકટ આશા ચિલ્ડ્રન હોસ્પિટલમાં ઇન્સ્ટુમેન્ટ આપીને કરવાનો છે. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૨૮ થી ૩૦ લાખ જેવો છે. જેનું આર્થિક અનુદાન શ્રી દિપકભાઇ ઉનકડટ, રીઝવાન આડતીયા ફાઉન્ડેશન, આશા ચિલ્ડ્રન હોસ્પિટલ તથા રોટરી કલબ ઓફ પોરબંદર અને ગ્લોબલ ગ્રાન્ટના સંયુકત ઉપક્રમે પૂર્ણ કરવાનું છે.

આ પ્રોજેકટની શરૂઆત થાય તો આપણી કલબના સભ્ય રો. જીતેનભાઇ ગાંધી તરફથી રૂા. ૫૧,૦૦૦/- આ પ્રોજેકટ માટે આર્થિક અનુદાન આપવાનું નક્કી થયેલ છે.

ટ્રેઝરર રો. દિવ્યેશ સોઢાએ રોટરી કલબ ૨૦૨૧-૨૦૨૨નું બજેટ રજુ કરેલ જે ચર્ચા-વિચારણા કરીને સર્વ સભ્યોની સહમતીથી પાસ કરવાનો નિર્ણય કરેલ.

આગામી રાષ્ટ્રીય તહેવાર ૧૫મી ઓગષ્ટનું સેલીબ્રેશન - ધ્વજવંદન કાર્યક્રમ જી.એમ.સી. સ્કૂલ, પોરબંદર ખાતે કરવાનો નિર્ણય કરેલ.

આગામી તારીખ ૨૧ ઓગષ્ટના દિવસે સીનીયર સીટીઝન-ડે શક્ય હોય તો તેની ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવેલ.

મિટિંગની આભાર વિધિ રો. પૂર્ણેશ જૈન દ્વારા કરવામાં આવી. બાદમાં પ્રમુખશ્રી કેતનભાઇ પારેખે મીટીંગ પૂર્ણ જાહેર કરેલ. સર્વે સભ્યો અલ્પાહાર લઇ છુટ્ટા પડેલ.













## આભાર...

તા. ૦૪-૦૭-૨૦૨૧ ના દિવસે આપણી કલબ તથા ઇનર વ્હિલ કલબ દ્વારા સંયુકત રીતે વૃક્ષારોપણ પ્રોજેકટ કરેલ તથા તેજ દિવસે થયેલ રોટરી બોર્ડ મિટિંગનો સંપૂર્ણ ખર્ચ રો. ધવલ રાયચુરા તથા ઇનર વ્હિલ મેમ્બર મેઘા રાયચુરા તરફથી સ્પોન્સર કરવામાં આવેલ. આ બદલ આપ બન્નેનો ખૂબ ખૂબ આભાર.

## અભિનંદન...

આપણા રોટેરીયન હર્ષિત રૂઘાણીના સુપુત્ર હાર્દિક રૂઘાણીએ મનાલી-લેહ-ખારદુન્ગલા ની ૬૦૦ કિ.મી. જેટલી સાયકલ યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે તે બદલ હાર્દિક રૂઘાણી તેમજ રૂઘાણી પરિવારને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

*Best wishes*

**Kapil Kotecha**

**Chandan Automobiles**

S.V.P.Road, Porbandar360575





ZEVAR
GOLD • SILVER • DIAMOND
www.zevarjewels.com

જ્યારે પણ ક્વોલીટી પ્લાયવુડ, સનમાયકા ખરીદવાની વાત આવે ત્યારે એકમાત્ર સ્થળ
જે ૧૯૭૨થી ગ્રાહકોની સતત સેવામાં છે.
since 1972 Trusted Name In Plywood
WudPlus THE PERFECT PLYWOOD · GARNET PLYWOOD · Goodwill M R GRADE DIPPING PLYWOOD · CENTURYPLY · HÄFELE FUNCTIONALITY FOR YOU · AIROLAM DECORATIVE LAMINATES · Kurl-on INDIA'S LARGEST SELLING MATTRESS · Greenply · GLO PANELS & PLANKS · Greenlam LAMINATES · MERINO LAMINATES THE POWER TO CREATE
J.k.traders
President Complex,Hotel Kuber Building,Hospital Road,Porbandar
Tel. 0286-2245814 Mo. 9825230211,9879516561

M/s. UTSAV & ASSOCIATES
CHARTERED ACCOUNTANTS
CA. UTSAV SUBHASH THAKRAR
E : usthakrar@gmail.com | utsav@utsavassociates.in
www.utsavassociates.in
Porbandar : Opp. P.N.B., Sutarwada, Porbandar-360575. Gujarat.Tel.: 0286-2243863
Rajkot : Sadhana Downtown 501, 5th Floor, Jubilee Chowk, Rajkot-360001. Gujarat.
Ahmedabad : A-11, Kumud Appartment, 3rd Floor, Opp Gwalia Sweets, Stadium Five Cross Road, Navrangpura Ahmedabad-380009. Guj.

Jatin Hathi - 9825183264
Prakash Hathi 9825260580
Arjun J. Hathi 9638390054
SHREE KRUSHNA ENGINEERING
Specialist in Bearing, Engineering & Industrial Spares
5, New Kumbharwada, Porbandar - 360 575
Phone : (0286) 2245625 Fax : - (0286) 2244967
E-mail : shrikrushnaengg@yahoo.com

HONDA
Labh Honda



ફોન નં. ૨૨૪૭૬૯૬
મો. ૯૮૨૫૦૪૭૬૯૬
MUTUAL FUNDS Sahi Hai
જયેશ જે પત્તાણી
યુટીઆઇ મ્યુચ્યુઅલ ફંડના મુખ્ય પ્રતિનિધી-પોરબંદર જીલ્લો
૨૦૫, સીટી પ્લાઝા, તાજાવાલા બંગલો સામે, એમ.જી.રોડ,પોરબંદર

MAFATLAL FAMILY SHOP
Prestigious Show Room
FABRICS ▪ MENS WEAR ▪ LADIES WEAR
RIDDHIKA FABRICS
Since 1969
SUDAMA ROAD, PORBANDAR - 360 575 (0286) 2246169
E-MAIL : riddhikafabrics@gmail.com

Kalpesh Amlani
Mo. 9974842284
Utsav School Shop
School Bag, Shoes, Shocks, Swetter, Belt & School Trak soot etc.
NAYAN Cloth Store
Exclusive Suiting-Shirting & School Uniform Showroom
Alankar Super Market, Kedareshwar Road, Porbandar - 360 575 (Gujarat)
Ph. : 0286 - 2211391 Email : kalpeshamlani79@gmail.com

TARUN SPARES
MANUFACTURE & DEALER OF HOSES AND INDUSTRIAL HYDRULIC PARTS
Opp. Mangalam Hospital, Porbandar Road, RANAVAV
95125 98425
Head Off. : Opp. Bird Sanctuary, Bh. Patel Samaj, Chhaya Chowki, Birla Road, PORBANDAR
Dipen Barai 98244 98425 tarunspares@gmail.com

Since 1760
Berger Lewis
Paint your imagination
M/s. Girdhar Hemraj & Co. 9824422396

RUGHANI INFRABUILD - PORBANDAR
DEVELOPERS/PROJECT MANAGEMENT CONSULTANT / VALUATION / PLANNING / CONTRACTORS
HARSHIT A. RUGHANI (M) 98252 31468
HARDIK H. RUGHANI (M) 99985 26533

GMC International School
Best wishes from
GMC INTERNATIONAL SCHOOL
Near District Court, Sandipani Road, Chaya , Porbandar
Mo. 8469798961 / 9099097616

Ketan : +91 98242 86186 | Nikhil : +91 98792 51162 | Harsh: +91 91060 17766
VARDHAMAN
Electric & Electronic Multi Product Store
Nr. Natraj Hotel, M.G.Road, Porbandar-360575(Gujarat)

ELECON
Always a step ahead in technology
SHREEJI
Ind. Mktg. Services
1st Floor, 14/15, Indira Gandhi Smruti Bhavan, Chhaya Chowki Crossing, Porbandar - 360 575.
Phone : 0286-2244446 (O.) 2247481 (R.)
E-mail : shreeji_ind2004@yahoo.co.in
M. B. Thakkar
Corporate Representative
Cell : 98797 41609
Shreeji Construction
Giriraj Business Associates

T&C APPLY
Pizza Peel
Multicuisine Buffet
+91 635560 8500 +91 635589 9989
1st Floor, Cross Road Complex, Near Friends Petrol Pump, M.G. Road, Porbandar.
TUESDAY & THURSDAY OFFER
BUY ONE GET ONE Free
MEDIUM & LARGE PIZZA
OFFER VALID FOR Simply Veg, Premium Veg, Supreme Veg, & Speciality Veg.

WE SERVE & DISTRIBUTE
- MUTUAL FUNDS - SIP
- PMS & SHARES BROKING
- DEBENTURES & BONDS
- FD & LOANS
- ALL TYPE OF INSURANCE
- GOAL BASED PLANNING

ROHIT LAKHANI
98252 45880
RJ FINANCIAL SOLUTIONS
YOUR PROSPERITY - OUR GOAL
Address : Nr. Friends Petroleum, Off. M. G. Road, Opp. Godhania College
99252 45880 | rjfinsol@gmail.com | lakhanirohit@yahoo.co.in